# ‘સ્ટેપ બાય સ્ટેપ, ચિપ બાય ચિપ’ : ભારતમાં સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનનું નિર્માણ: મોદી

**સાણંદની** સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભવ્ય ‘હેટ્રિક’, ૭,૬૦૦ કરોડના ખર્ચે ‘સીજી સેમી’ પ્લાન્ટ કાર્યરત

**પીએમ** મોદીના હસ્તે ૭,૬૦૦ કરોડના અત્યાધુનિક ‘સીજી સેમી’ પ્લાન્ટનો પ્રારંભ, દૈનિક ૧.૫ કરોડ ચિપ્સની ક્ષમતા



ગાંધીનગર: ગુજરાતનું સાણંદ હવે વૈશ્વિક ટેકનોલોજીના નકશા પર ‘સિલિકોન વેલી’ની જેમ ચમકવા માટે સજ્જ થઈ ગયું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે સાણંદે ભવ્ય હેટ્રિક સર્જી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાણંદમાં ૭,૬૦૦ કરોડના ખર્ચે સ્થાપિત સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ભવ્ય ઉદ્ઘાટન કરી કમર્શિયલ ઉત્પાદનનો શુભારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે વડાપ્રધાને દેશની પ્રથમ ચિપનું શીપમેન્ટ ગ્લોબલ જાયન્ટ રેનેસાસને સુપ્રત કરીને ભારતની સેમિકન્ડક્ટર ક્રાંતિનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ ક્ષણે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ‘આજનો આ કાર્યક્રમ પુરાવો છે કે ભારત જે પણ કરવાનો સંકલ્પ કરે છે, તેને દ્રઢતાપૂર્વક અને સમયસર પૂર્ણ કરે છે. આ મેક ઇન ઈન્ડિયાનો આગામી તબક્કો છે.’ આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ભારત હવે માત્ર ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો નહીં, પરંતુ સમગ્ર સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનનું નિર્માણ કરી રહ્યું છે. ‘ડિઝાઈન ઈન ઈન્ડિયા’ અને ‘મેક ઈન ઈન્ડિયા’ના મંત્રને આગળ ધપાવતા ભારત હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં મજબૂત પગલાં ભરી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે સાણંદમાં શરૂ થયેલી CG સેમીની OSAT ફેસિલિટી ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કડી સાબિત થશે. તેમણે કહ્યું કે સેમિકોન ઈન્ડિયા કાર્યક્રમ હવે ઝડપથી આગળ વધી રહ્યો છે અને “સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને ચિપ બાય ચિપ” ભારત મજબૂત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે. મોદીએ યાદ અપાવ્યું હતું કે વર્ષ 2024માં આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો અને ખૂબ જ ટૂંકા ગાળામાં અહીં વ્યાપારી ઉત્પાદન શરૂ થઈ ગયું છે. તેમણે આ સિદ્ધિ માટે કંપની, રાજ્ય સરકાર અને તમામ સહયોગીઓને અભિનંદન પાઠવતાં કહ્યું કે ભારત જે સંકલ્પ કરે છે તેને દ્દઢ નિશ્ચય સાથે પૂર્ણ પણ કરે છે. પ્રધાનમંત્રીએ ફેસિલિટીની મુલાકાત દરમિયાન યુવા એન્જિનિયરો અને કર્મચારીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું કે યુવાનોમાં જોવા મળતો આત્મવિશ્વાસ અને નવી ટેક્નોલોજી પ્રત્યેનો ઉત્સાહ ભારતના ઉજ્જવળ ભવિષ્યની સાબિતી છે. તેમણે જાપાન અને થાઈલેન્ડની કંપનીઓ સાથે થયેલી ભાગીદારીને ભારતની સેમિકન્ડક્ટર યાત્રાને નવી ગતિ આપનારી ગણાવી હતી.

### માત્ર 27 મહિનાના રેકોર્ડ સમયમાં સાણંદના પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ થયું: કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતનું સેમિકન્ડક્ટર મિશન હવે વાસ્તવિક સફળતામાં પરિવર્તિત થયું છે. તેમણે કહ્યું કે, માર્ચ-2024માં ભૂમિપૂજન બાદ માત્ર 27 મહિનાના રેકોર્ડ સમયમાં સાણંદના આ પ્લાન્ટમાં કોમર્શિયલ ઉત્પાદન શરૂ થયું છે. અહીં તૈયાર થતી ચિપ્સ ભારત ઉપરાંત જાપાન, અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પણ નિકાસ થશે. તેમણે ઉમેર્યું કે દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ આજે 13 લાખ કરોડ રૂપિયાનો બની ગયો છે અને તેનાથી 25 લાખ લોકોને રોજગારી મળી રહી છે.

### સામાન્ય પરિવારમાંથી આવેલી આદિવાસી યુવતીઓ ચિપ ઉત્પાદનમાં મહત્વનું યોગદાન આપી રહી છે

યુવાનોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો યુગ સંશોધન, ડિઝાઇન, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઇન સહિત અનેક ક્ષેત્રોમાં નવી રોજગારી અને સ્ટાર્ટઅપની તકો ઊભી કરશે. તેમણે યુવાનોને સતત નવી ટેક્નોલોજી શીખવા અને કુશળતા વિકસાવવા આહ્વાન કર્યું. પ્રધાનમંત્રીએ ફેસિલિટીમાં કાર્યરત આદિવાસી યુવતીઓનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે સામાન્ય પરિવારમાંથી આવેલી આ દીકરીઓ આજે વિશ્વસ્તરીય ચિપ ઉત્પાદન પ્રક્રિયામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે, જે નવા ભારતની બદલાતી તસવીર રજૂ કરે છે. સંબોધનના અંતે પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નીતિગત સ્થિરતા, ઝડપી નિર્ણય પ્રક્રિયા અને ‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ’ના આધારે ભારત વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પને ચોક્કસપણે સાકાર કરશે.

### ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં મહત્વપૂર્ણ ભાગીદાર બન્યું: મુખ્યમંત્રી

ગાંધીનગર: સાણંદમાં શરૂ થયેલી સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરતી વધુ એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 7,600 કરોડના રોકાણથી સ્થાપિત આ પ્લાન્ટ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં મહત્વપૂર્ણ ભાગીદાર બનાવશે અને દેશની સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને નવી દિશા આપશે. મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટથી આગામી પાંચ વર્ષમાં 5,000થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે.

### માત્ર એક ફેક્ટરીથી વિકાસ થતો નથી પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમ ઉભી થાય છે: મોદી

સાણંદને આગામી સમયમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર ક્લસ્ટર તરીકે વિકસાવવાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે તેમ જણાવતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે માત્ર એક ફેક્ટરીથી વિકાસ થતો નથી, પરંતુ તેની આસપાસ સમગ્ર ઇકોસિસ્ટમ ઊભી થાય છે. ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિકાસ કોઈ અચાનક બનેલી ઘટના નથી, પરંતુ છેલ્લા દસ વર્ષમાં ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં થયેલી ક્રાંતિનું સ્વાભાવિક પરિણામ છે. મોબાઇલ ફોન ઉત્પાદનમાં ભારત આજે વિશ્વનું બીજું સૌથી મોટું ઉત્પાદન કેન્દ્ર બની ગયું છે અને હવે તે જ સફળતા સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં પણ પુનરાવર્તિત થશે.

---

તરસાલી શાક માર્કેટ પાસે ડમ્પરનો આતંક

# ડમ્પર ચાલકે બેફિકરાઈથી વાહન હાંકતા બાઈક ચાલક ઈજાગ્રસ્ત





( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરાના તરસાલી શાક માર્કેટ નજીક આજે બેફામ ડમ્પર ચાલકનો આતંક જોવા મળ્યો હતો. બેફામ ગતિએ દોડતા ડમ્પરે સમોસા લઈ પરત ઘરે જઈ રહેલા બાઈકસવારને અડફેટે લેતા યુવક બચી ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ ઘટના સમયે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ડમ્પર ચાલકે અકસ્માત સર્જતા આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોએ બેફામ ડમ્પર ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. શાક માર્કેટ જેવા ભીડભાડવાળા વિસ્તારમાં ભારે વાહનોની બેફામ સ્પીડને લઈને લોકોમાં ભયનો માહોલ છે. આ ઘટના બાદ ટ્રાફિક નિયમોના અમલ અને જવાબદાર તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વચ્ચે હવે તંત્ર ક્યારે કડક કાર્યવાહી કરશે તે જોવું રહ્યું. શહેરમાં ભારે વાહનો માટે સમય નક્કી કરવા, સ્પીડ લિમિટ કડક બનાવવા અને નિયમ તોડનાર સામે આકરી કાર્યવાહી કરવા સ્થાનિકોએ માંગ કરી છે. નોંધનીય છે કે, શહેરમાં અગાઉ પણ ડમ્પરોના કારણે અનેક અકસ્માતો સર્જાયા છે. જેમાં કેટલાય નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. છતાં પણ આજદિન સુધી આવા ડમ્પર ચાલકો સામે કોઈ નક્કર પગલાં લેવામાં નહિ આવતા આજે પણ ડમ્પર ચાલકક બેફામ બની નિયમોની ઐસી તૈસી કરી વાહન હંકારી નાગરિકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

---

# કોર્પોરેશનના ‘દબાણ હટાવો’ અભિયાન સામે ઉઠતા સવાલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૪

શહેરના દબાણો વર્ષોથી વડોદરાવાસીઓ માટે માથાનો દુખાવો છે. આજે વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં ‘દબાણ હટાવો’ અભિયાન હાથ ધરીને જાણે કોઈ મોટું પરાક્રમ કર્યું હોય તેવો ડોળ કર્યો છે. સવાલ એ છે કે, શું આ માત્ર ફોટા પાડવા પૂરતી કામગીરી છે કે ખરેખર કાયમી ઉકેલ ? પાલિકાના આંકડા મુજબ, રેલવે સ્ટેશન ગેટ અને અલકાપુરી નેશનલ પ્લાઝા પાસેથી લારી-ગલ્લા હટાવી કુલ બે ટ્રક સામાન જમા કરવામાં આવ્યો છે. સાથે જ વોર્ડ નં. ૧૯ દ્વારા સવિતા હોસ્પિટલ સામે ‘નો પાર્કિંગ’ માંથી ગાડીઓ ખસેડાઈ અને દિવાળીપુરાથી તાંદલજા રોડ સુધી સફાઈ થઈ હોવાનો દાવો કરાયો છે. એરપોર્ટ સર્કલથી લઈને વાઘોડિયા બ્રિજ અને તરસાલી સુધી આખી યાદી તો લાંબી લચક તૈયાર કરી દેવાઈ છે, પણ જમીની હકીકત શું છે ?

---

ગઠિયો બે પર્સ ઊઠાવી ફરાર થઈ ગયો

# છાયાપુરી પાસે ચાલુ ટ્રેનમાં મહિલાના દાગીનાની ચોરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

છાયાપુરી રેલવે સ્ટેશન પસાર થયા બાદ દોડતી ટ્રેનમાં એક મહિલા મુસાફર ચોરીનો ભોગ બની હતી. બોરીવલીથી ઉજ્જૈન જઈ રહેલી મહિલાના હેન્ડબેગમાંથી બે પર્સની તસ્કરી થતાં સોનાના દાગીના, હીરાજડિત વીંટીઓ અને ઘડિયાળ સહિત રૂ. 1.72 લાખનો મુદ્દામાલ ચોરાઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ચોર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મુંબઈના બોરીવલી પશ્ચિમ વિસ્તારમાં આવેલા રાધેશ્યામ એપાર્ટમેન્ટમાં રહેતી સુનિતા રોહિત સેઠિયા ઈન્દોર સ્પેશિયલ એક્સપ્રેસ ટ્રેન દ્વારા ઉજ્જૈન જઈ રહી હતી. તેઓ ટ્રેનના B-13 કોચમાં સીટ નંબર 23 પર મુસાફરી કરી રહ્યા હતા. સવારે અંદાજે 7 વાગ્યાના સમયે ટ્રેન છાયાપુરી રેલવે સ્ટેશન પસાર કર્યા બાદ તેઓ ઊંઘમાંથી જાગ્યા ત્યારે હેન્ડબેગમાં રાખેલા બે પર્સ ગાયબ હોવાનું જણાયું હતું. બનાવની જાણ મહિલાએ તરત જ ટ્રેનમાં હાજર TTEને કરી હતી. TTEએ મુસાફરી પૂર્ણ થયા બાદ નજીકના GRP પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની સલાહ આપી હતી. ત્યારબાદ ઉજ્જૈન રેલવે સ્ટેશન પહોંચીને મહિલાએ GRP પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગઠિયો ત્રણ હીરાજડિત સોનાની વીંટીઓ, એક સોનાની વીંટી, બે પેન્ડન્ટ સાથેની સોનાની ચેઈન, બે નકલી ચેઈન, બે નકલી બ્રેસલેટ, એક નકલી વીંટી તેમજ રૂ. 4 હજારની કિંમતની કાંડા ઘડિયાળ મળીને રૂ. 1.72 લાખનો મુદ્દામાલ ચોરી ગયો હોવાનું જણાવાયું છે.

મહિલાના જણાવ્યા મુજબ કોઈ અજાણ્યા તસ્કરે તેમની ઊંઘનો લાભ લઈ હેન્ડબેગમાંથી બંને પર્સ ચોરી કર્યા હતા. સમગ્ર મામલે પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

---

વીજ પોલ પડવા સાથે મોટો ધડાકો થતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો

# સમા કેનાલ નજીક શાળા પાસે ભારદારી વાહને વીજ લાઈનના વાયરો અડફેટે લીધા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

શહેરના સમા કેનાલ નજીક આવેલી એક ખાનગી સ્કૂલ પાસેથી પસાર થઈ રહેલા શ્યામ ક્રિષ્ના રોડવેઝના ભારદારી વાહને હાઈટેન્શન લાઈનના વાયરોને અડફેટે લેતા વાયર અને વીજ પોલ તૂટવાની સાથે ધડાકો થતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વડોદરા શહેરના સમા કેનાલ નજીક આવેલી એક ખાનગી સ્કૂલ પાસે મોટી દુર્ઘટના થતા ટળી હતી. એક ભારદારી વાહને રસ્તા ઉપર થી પસાર થતી ગુજરાત એનર્જી બોર્ડની હાઈટેન્શન લાઈનના વાયરોને અડફેટમાં લીધા હતા. જેના કારણે વાયર ટુટવાથી વીજ પોલ પડવા સાથે જોરદાર ધડાકો થયો હતો. આ ઘટનાને લઈ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.



પરંતુ, તંત્રની બેદરકારી જોવા મળી હતી. આ ઘટનાને પગલે ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને લેવા આવેલા અને આસપાસના વાલીઓ એકત્ર થઈ ગયા હતા. વાલીઓએ વાહનને અધવચ્ચે અટકાવી દીધું હતું અને ચાલકનો ઉધડો લીધો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા એક કલાક કરતા વધુ સમયથી શાળામાં અને આસપાસના વિસ્તારમાં લાઈટો ડુલ થઈ ગઈ હતી. જેના કારણે બફારા અને ગરમીમાં લોકો પરેશાન થયા હતા. નિયમ મુજબ 18 મીટરના આંતરિક રસ્તા ઉપર દિવસના સમય આવા તૂટિંગ ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવો જોઈએ તેમ છતાં સ્કૂલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં આ વાહનો કોની મંજૂરીથી ફરે છે. બાળકોના જીવનને જોખમ કોના ભરોસે ? જો આ તૂટેલો લાઈવ વીજ વાયર કોઈ બાળકો કે સ્કૂલ બસ ઉપર પડ્યો હોત તો તેની જવાબદારી કોણ લેત. લોકોએ આક્ષેપ કર્યો છે કે આ વિસ્તારના રોડ રસ્તાની હાલત અને ટ્રાફિકનું મિસ મેનેજમેન્ટ જ આવી ઘટનાઓ માટે જવાબદાર છે. તંત્ર માત્ર મોટી દુર્ઘટનાઓની રાહ જોઈને બેઠું હોય તેમ લાગી રહ્યું છે અહીં હજારો બાળકો રોજ ભણવા આવે છે. આટલા સાંકડા રોડ પર આવા ભારદારીવાહનો કેવી રીતે આવી શકે. આજે તો મોટી હોનારત ટળી છે.

---

ટાટા હેરિયર છોડાવવા બદલ હ્યુન્ડાઈ i20 પણ ગિરવે મુકાવી

# ભાડે લીધેલી કાર ગિરવે મૂકી યુવક સાથે છેતરપિંડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા એક યુવક સાથે ભાડે કાર લેવાના બહાને વિશ્વાસમાં લઈ છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આરોપીએ પહેલા મિત્રની ટાટા હેરિયર કાર ગિરવે મૂકી હતી અને બાદમાં તે છોડાવવા માટે ફરીયાદીની હ્યુન્ડાઈ i20 કાર પણ ગિરવે મુકાવી દીધી હતી. જોકે બાદમાં કાર કે ભાડાની રકમ પરત ન આપતાં બાપોદ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. આજવા રોડ પર કમલાનગર તળાવ સામે રાજરત્ન બંગલોઝમાં રહેતા ઓમ રાજકુમાર સિંધે સુરેશ ભરવાડ (રહે. ભરવાડ વાસ, સિકંદરપુરા ગામ, તા.જી. વડોદરા)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ ત્રણ દિવસ માટે પ્રતિદિન રૂ. 5,000ના ભાડે કાર લેવાનું કહી મિત્ર રણજીત કહારની ટાટા હેરિયર કાર (GJ-06-PE-8403) લઈ ગયો હતો. બાદમાં આરોપીએ આ કાર નવસારીના કિશન ભરવાડ પાસે ગિરવે મૂકી દીધી હતી. ત્યારબાદ આરોપીએ પોતાની પાસે ગાડી છોડાવવાના પૈસા ન હોવાનું કહી યુવકને વિશ્વાસમાં લીધો અને બદલામાં તેની હ્યુન્ડાઈ i20 કાર પણ કિશન ભરવાડ પાસે ગિરવે મુકાવી હતી. ત્યારબાદ મિત્રની હેરિયર કાર તો છોડાવી આપવામાં આવી હતી, પરંતુ યુવકની i20 કાર પરત આપવામાં આવી નહોતી. અનેક વખત કાર અને ભાડાની રકમ પરત આપવા માંગણી કરી હોવા છતાં આરોપીએ કાર કે ભાડું પરત આપ્યું નહોતું. આખરે યુવકે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા જેથી આ યુવકની ફરિયાદ આધારે બાપોદ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

---

વરસાદી માહોલમાં ખુલ્લામાં પડેલા સિમેન્ટના જથ્થાને નુકસાનીની ભીતિ

# રેલવે ગોદીમાં સિમેન્ટના જથ્થાને તાડપત્રી ઢાંકી સંતોષ માણતું તંત્ર

**વડોદરા રેલવે** ગોદીમાં જથ્થો મૂકવા બનાવાયેલા શેડમાં શ્રમિકો-ભિક્ષુકોનો આશરો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરા રેલવે ગોદીમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ચોમાસાની સીઝન જામી હોવા છતાં રેલ માર્ગે આવેલો મોટા પ્રમાણમાં સિમેન્ટનો જથ્થો ખુલ્લા આકાશ નીચે મૂકી દેવાયો છે. તંત્ર દ્વારા માત્ર તાડપત્રી ઢાંકીને સંતોષ માની લેવાયો છે. રેલવે ગોદીમાં અનાજ, સિમેન્ટ સહિતનો મોટો જથ્થો નિયમિત આવતો હોય છે.

આ જથ્થાને વરસાદ અને નુકસાનથી બચાવવા માટે લાખોના ખર્ચે ખાસ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. જોકે, આશ્ચર્યની વાત એ છે કે હાલ આવેલો સિમેન્ટનો જથ્થો શેડ નીચે મૂકવાને બદલે ખુલ્લામાં મૂકી દેવાયો છે.

જથ્થો સાચવવા બનાવાયેલા શેડનો ઉપયોગ હાલ શ્રમિકો અને ભિક્ષુકોને આશરો આપવા માટે થઈ રહ્યો છે. પરિણામે મોટી કિંમતનો સિમેન્ટ વરસાદી માહોલમાં તાડપત્રીના ભરોસે પડ્યો છે. જો વરસાદનું જોર વધે તો સિમેન્ટ બગડી જવાનો અને મોટું આર્થિક નુકસાન થવાનો ભય છે.

સવાલ એ છે કે જ્યારે જથ્થો સાચવવા માટે શેડ ઉપલબ્ધ છે, તો પછી સિમેન્ટ ખુલ્લામાં કેમ મૂકાયું? શું તંત્ર કોઈ મોટા નુકસાનની રાહ જોઈ રહ્યું છે?

---

મહિલાની તબિયત લથડતાં પરિવારજનોને જાણ થઈ

# ગોરવાની મહિલાએ ડિટર્જન્ટ પાવડર પી લેતા ચકચાર

**ડિટર્જન્ટ** મરહબા સોસાયટીમાં બનાવ બનતાં લોકો એકત્રિત થયા

**મહિલાને** સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઇ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૪

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી મરહબા સોસાયટીમાં રહેતી એક ૩૦ વર્ષીય યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ડિટર્જન પાવડર પી લેતા સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. આ આઘાતજનક ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગોરવા વિસ્તારની મરહબા સોસાયટીમાં રહેતી ૩૦ વર્ષીય યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ઘરમાં પડેલો ડિટર્જન પાવડર પી લીધો હતો. યુવતીએ ઝેરી પાવડર પી લીધા બાદ તેને ઉલટીઓ થવા લાગી હતી અને તબિયત લથડી પડી હતી.

પરિવારજનોને જાણ થતાં જ તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગોરવા પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે પહોંચી ગયો હતો. યુવતીએ આત્મઘાતી પગલું કયા કારણોસર ભર્યું, તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી.

પોલીસે પરિવારના સભ્યોના નિવેદનો લેવાની અને તપાસની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના પાછળ કોઈ કૌટુંબિક વિખવાદ છે કે અન્ય કોઈ કારણ, તે પોલીસની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

---

નાણાકીય હિસાબના ઝઘડામાં વિદેશમાં રહેતા સ્ટીલ કંપનીના માલિકે સોપારી આપી હતી

# ફીજીના જય દયાલે સોપારી આપી વાઘોડિયા ચોકડી પાસે વેપારી પર ફાયરિંગ કરાવ્યું

**છત્તીસગઢથી** બે શૂટર ઝડપાયા, આરોપીઓના રિમાન્ડની તજવીજ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વાઘોડિયા ચોકડી પાસે કાપડના વેપારી આશિષકુમાર બાકોલિયા પર થયેલા ફાયરિંગ કેસમાં વડોદરા ગ્રામ્ય પોલીસે મોટી સફળતા મેળવી છે. છત્તીસગઢના દુર્ગ જિલ્લામાંથી બે શૂટર વિક્રમ પ્રતાપ ગોપીચંદ્ર સિંહ અને ગુરજીત ઉર્ફે ગુર્મીત સિંહ ભટ્ટીની ધરપકડ કરી કોન્ટ્રાક્ટ કિલિંગનો પર્દાફાશ કર્યો છે. આશિષકુમાર અગાઉ ફીજી સ્થિત દયાળ સ્ટીલ કંપનીમાં ફાઈનાન્સ મેનેજર તરીકે કામ કરતા હતા. તે દરમિયાન કંપનીના માલિક જય દયાલ સાથે નાણાકીય હિસાબને લઈને થયેલી અદાવતના કારણે વેપારીની હત્યાની સોપારી અપાઈ હતી. જય દયાલે વિક્રમને કામ સોંપ્યું અને વિક્રમે ગુનાહિત ઈતિહાસ ધરાવતા ગુરજીતને રૂ.50 હજારની લાલચ આપીને ફાયરિંગ કરાવ્યું હતું. ગત 26 જૂને રાત્રે આશિષકુમાર દુકાન બંધ કરી કારમાં ઘરે જઈ રહ્યા હતા ત્યારે વાઘોડિયા ચોકડી પાસે બાઈક પર આવેલા બંને શખ્સોએ ચાલુ બાઈક પરથી ગોળીબાર કર્યો જે જમણા ખભામાં વાગતાં ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે 2,000થી વધુ CCTV ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને રેલવે સ્ટેશનના પુરાવાના આધારે આરોપીઓની ઓળખ કરી હતી. વિદેશ ભાગી જવાની શક્યતા હોવાથી એક આરોપી સામે લુકઆઉટ નોટિસ પણ જાહેર કરવામાં આવી હતી. દુર્ગ પોલીસની મદદથી બંનેને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે તેમની પાસેથી પિસ્તોલ, મેગેઝીન અને કારતૂસ કબજે કર્યા છે. હવે બંનેના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ કરવામાં આવશે તેમજ ફીજીમાં રહેતા મુખ્ય સૂત્રધાર જય દયાલ સામે પણ કાર્યવાહી હાથ ધરાશે. ફાયરિંગ કરનાર ગુરજીત ઉર્ફે ગુર્મીત સિંહ ભટ્ટી સામે વિવિધ પોલીસ સ્ટેશનોમાં કુલ 19 જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

### છત્તીસગઢ સુધી પહોંચ્યું પોલીસનું પગેરું

વાઘોડિયા ચોકડી ફાયરિંગ કેસમાં પોલીસે 2,000થી વધુ CCTV ફૂટેજ ચકાસી આરોપીઓની હિલચાલ ટ્રેસ કરી. બંને આરોપી છત્તીસગઢના હોવાનું સામે આવતા એલસીબી, એસઓજી અને વરણામા પોલીસની ચાર ટીમો તાત્કાલિક છત્તીસગઢ રવાના કરવામાં આવી.

### રેકી બાદ ચાલુ બાઈક પરથી ફાયરિંગ

જય દયાલના ઈશારે વિક્રમપ્રતાપે સ્થળની અનેકવાર રેકી કરી હતી. ઘટનાના દિવસે વિક્રમે બાઈક ચલાવ્યું, જ્યારે પાછળ બેઠેલા ગુરજીતે વેપારી આશિષકુમાર બાડોલિયા પર ફાયરિંગ કર્યું. બંનેએ હેલ્મેટ અને માસ્ક પહેરી ઓળખ છુપાવી હતી.

### ફુલપ્રૂફ પ્લાનિંગથી ઘટનાને અંજામ

આરોપીઓએ વડોદરામાં અનેક દિવસ રેકી કરી અને હિલચાલ ગુપ્ત રાખવા ફિલ્મો પણ જોઈ હતી. મેડિકલ સ્ટોરના CCTVથી તેમની ઓળખ થઈ. બંને ટ્રેન મારફતે છત્તીસગઢ ભાગી ગયા હતા.

### વિક્રમના ખાતામાં રૂ.2.72 લાખ પહોંચ્યા

જય દયાલે વિક્રમપ્રતાપને હથિયાર, બાઈક અને અન્ય ખર્ચ માટે પત્નીના બેંક ખાતામાં અંદાજે રૂ.2.72 લાખ જમા કરાવ્યા હતા. વિક્રમ 7 જુલાઈએ ફીજી ભાગે તે પહેલાં જ પોલીસે તેની ધરપકડ કરી.

---

સુરતની ખુશી પાંડે પર અગાઉ પણ ચોરીના ગુના નોંધાયેલા છે

# ઈન્દોર સ્પે. ટ્રેનમાં સોનાના દાગીના ચોરનાર ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

ઈન્દોર સ્પેશ્યલ એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાં મુસાફરી દરમિયાન એક મુસાફરના પર્સમાંથી સોનાના દાગીનાની ચોરી થઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે વડોદરા LCBની ટીમે સીસીટીવી ફૂટેજ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતી ખુશી કમલેશ પાંડે (ઉંમર 19)ને ઝડપી પાડી હતી. તેની પાસેથી ચોરી થયેલા રૂ. 8.47 લાખના સોનાના દાગીના અને અન્ય મુદ્દામાલ કબજે કરાયો હતો. મુદ્દામાલમાં રિયલ ડાયમંડ અને લીલા નંગવાળી સોનાની વીંટીઓ, સોનાનું પેન્ડન્ટ, લક્ષ્મી છાપવાળું સોનાનું પેન્ડન્ટ, સોનાની ચેઈન, ચાંદીની રોઝ ગોલ્ડ કલરની ચેઈન તેમજ ઈમિટેશન જ્વેલરી મળી રૂ.8.47 લાખની



કિંમતનો મુદ્દામાલ રીકવર કરાયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી મહિલા અગાઉ પણ ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાઈ ચૂકી છે. બાળ આરોપી તરીકે તે સુરત રેલવે પોલીસ સ્ટેશન, ઉધના પોલીસ સ્ટેશન, સુરત શહેર તેમજ મુંબઈના બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓમાં પકડાઈ ચૂકી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.